ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૨૭ ટકા

# ‘પાણી બચાવો’ના સંદેશ સાથે અનોખો આનંદનો ગરબો

## સેક્ટર-૨૪ અંબાજી મંદિર ખાતે યુવાનો દ્વારા પર્યાવરણના જતનના ઉદ્દેશથી આનંદનો ગરબો યોજાયો : ગરબા દરમિયાન મળેલ દાનને સૈનિક ફંડમાં જમા કરાવાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે ચૈત્રી નવરાત્રિ નિમિત્તે અનોખા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આનંદના ગરબામાં સેક્ટરના યુવાનો દ્વારા પર્યાવરણના જતનના ઉદ્દેશ સાથે ભાવિકોને ‘પાણી બચાવો’નો મહામૂલો સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે શહેરના કોર્પોરેટર્સ હર્ષાબા ધાંધલ, નીલાબેન શુકલ તથા પ્રવિણાબેન દરજી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આજના યુગમાં પર્યાવરણની સતત કથળથી જતી હાલતથી સૌ કોઈ ચિંતિત છે. પર્યાવરણમાં આવેલા ફેરફારોને કારણે ઋતુચક્ર પર તેની માઠી અસરો પડવા પામી છે. જેનો તાજો અનુભવ શહેરવાસીઓમાં માર્ચ માસમાં જ ૪૩ ડિગ્રી સુધી તાપમાનનો આંક જવાથી થવા પામ્યો છે. આ સંજોગોમાં ગાંધીનગરના યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા દ્વારા સેક્ટર-૨૪ના અંબાજી મંદિર ખાતે પર્યાવરણના જતનના ઉદ્દેશથી આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત વિજયસિંહ તથા તેમના મિત્ર વર્તુળ દ્વારા ‘પાણી બચાવો’ થીમ સાથે વિવિધ બેનર્સ અને પ્લેકાર્ડસ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ પ્લેકાર્ડસ પર પાણીનું મહત્વ સમજાવતા તથા પાણીનો વેડફાટ અટકાવવા જાગૃત કરતા વિવિધ ચિત્રો સાથેના સંદેશને આવરી લેવાયા હતા. ગાંધીનગરના કદાચ પ્રથમવાર કોઈ ધાર્મિક કાર્યક્રમમાં આ રીતની પહેલ કરાઈ હશે.






અત્યાર ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે જે અંતર્ગત ઠેર ઠેર આનંદના ગરબાના આયોજન કરવામાં આવી રહ્યા છે. આ આનંદના ગરબામાં ધાર્મિકતા સાથે પર્યાવરણ પ્રત્યે નાગરિકોને જાગૃત કરવાનો પ્રયાસ ખરેખર પ્રસંશનીય છે. વળી, આ આનંદના ગરબામાં એક દાનપેટી રખાઈ હતી જેમાં એકત્ર થયેલ તમામ દાન દેશના શહીદ જવાનોના પરીવાર માટે સૈનિક ફંડમાં જમા કરાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આનંદનો ગરબો રંજનબેન બ્રહ્મભટ્ટ તથા ગૃપ દ્વારા રજૂ કરાયો હતો. આ પ્રસંગે પંચદેવ મંદિરના પુજારી ભાનુપ્રસાદભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સેકટર-૨૪ અંબાજી મંદિરના પુજારી સંજયભાઈ જોષી તથા સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા સહિત યુવા સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**નટવરસિંહ સી ચૌહાણ**
પ્રમુખ, આકાશ સમાજસેવા ટ્રસ્ટ

**ગાંધીનગર ગમે**

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ધામ અક્ષરધામ, મહાત્મા ગાંધી મંદિર, બગીચા, સ્કૂલ્સ, કૉલેજીસ, વ્યવસ્થિત પહોળા રસ્તા, રાજ્યનું પાટનગર હોવાના કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

દેશના સર્વધર્મ, જુદી-જુદી ભાષા, રીતરિવાજો હોવા છતાં એક થઈ વસવાટ કરતાં નગરજનો દેશની એકતાનું પ્રતીક છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નગરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.

કલ્ચરલ ફોરમ, થનગનાટ તેમજ સમૂહ લગ્નોનું આયોજન કરતી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

દરેક જાગૃત યુવાએ સ્વચ્છતા, વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ, નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી રહેવું જોઈએ. શહેરના માર્ગો પર ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ, શિક્ષણ ક્ષેત્રે એકબીજાને માર્ગદર્શન આપવું જોઈએ. સુંદર અને સ્વચ્છ શહેર બનાવવા દરેક વ્યક્તિએ સ્વૈચ્છિક જવાબદારીઓમાં ધ્યાન રાખવું જોઈએ.

**નગર માટે હું કરી શકું**

સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે નિઃસ્વાર્થભાવે સેવાકીય કાર્યો કરવા હું પ્રયત્નશીલ છું, રહીશ. આપણું ગાંધીનગર વધુ ને વધુ ગૌરવવંતું બને તે માટે યથાશક્તિ સહયોગ આપવા માટે હું તૈયાર છું.

## @ગાંધીનગર

● શહેરના સેકટર-૨૨ પ્લોટ નં. ૬૨૫ વાસ્તુનિર્માણ સોસાયટી ગીરીશભાઈ પટેલના નિવાસસ્થાને સંગીતમય સુંદરકાંડના પાઠ ભારતીબાપુની વ્યાસપીઠે રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે.

● સંગીતમય સુંદરકાંડના પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે રાત્રે ૮.૩૦ કલાકે ડી ૪૦૧, સંપદ પ્રાઈમ સરગાસણ ચોકડી પાસે મુકેશભાઈના યજમાન પદે યોજાશે.

● સે-૫-સી કલેહર માતાજી મંદિર ખાતે સવારે ૧૦ કલાકે નિર્વાણ કોટિ મહાયજ્ઞ પૂર્ણાહુતિ, સવારે ૧૦.૩૦ કલાકે નવચંડી યજ્ઞ પ્રારંભ થશે જયારે સાંજે ૪.૩૦ કલાકે યજ્ઞની પુર્ણાહુતિ થશે.

● જય બુટ ભવાની માં આનંદ ગરબા મંડળ દ્વારા સે-૪-એ પ્લોટ નં. ૨૯૦/૨ ખાતે આનંદનો ગરબો બપોરે ૩ થી ૬ કલાકે યોજાશે.

● પેથાપુરની સ્વંગ સપના સોસાયટી ઈ.એ. ૪/૧ નીતાબેન પટેલના નિવાસસ્થાને બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● શહેરના સે-૨૩ શિવશકિત મંદિર ખાતે બપોરે ૩ થી ૫ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● ઉનાવા ગોગા મહારાજના મંદિરે રાસ ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

# જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને પમીએ ટીંપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા તા. ૫ મી એપ્રિલ, ૨૦૧૭, બુધવારના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન પીવડાવવામાં આવનાર છે. જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું ? કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ઘક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્યક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે. સામાન્ય રીતે બાળકના શરીરમાં જયાં સુધી વૃદ્ધિની સૌથી વઘારે પ્રક્રિયા ચાલતી હોય ત્યાં તેને સૌથી વઘારે પોષણની જરૂર પડે છે. આ ગાળોએ સમગ્ર જીવનના પાયા સમાન છે. આથી જો પાંચ

**સુવર્ણ પ્રાશનના ટીંપા સરકારી આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે**

વર્ષ સુધી બાળકને દર પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળકના બળ, બુદ્ધિ અને મેઘામાં વઘારો થાય છે. શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે. બાળકની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાૅ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે.

તા. ૫ મી એપ્રિલના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીંપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, ડભોડા, અમીયાપુરા, ચિલોડા, સેક્ટર-૭, સેક્ટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ તથા હોમિયોપેથી ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના માણસા શહેર, રિદ્રોલ, પરબતપુરા અને ચરાડા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ, રામનગર, અલુવા અને કલોલ તથા દહેગામ તાલુકામાં રખિયાલ, પીપળજ, ખાનપુર, કડજોદરા ગામના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે, તેવું જિલ્લા આયુર્વેદ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

# જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયને શ્રેષ્ઠ શાળા તરીકે એક લાખનું ઈનામ



ગાંધીનગર, તા.૩

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ગાંધીનગર તેમજ ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘના સંયુકત ઉપક્રમે શિક્ષણ ચિંતન શિબિર શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના અધ્યક્ષસ્થાને સ્કુલ ઓફ એચીવર કુડાસણ ખાતે યોજાયેલ હતી. આ સમયે શ્રેષ્ઠ શાળા પુરસ્કાર વિતરણ પણ કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ) ગાંધીનગરને જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે રૂ.૧,૦૦,૦૦૦નું રોકડ ઈનામ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના હસ્તે શાળાના આચાર્યાશ્રી સંતોકબેન ચૌધરીને એનાયત કરવામાં આવ્યું હતું. જે માટે અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, મહામંત્રીશ્રી તથા હોદ્દેદારોએ અભિનંદન પાઠવેલ છે.

## વાતવાતમાં

● નવા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ દિવસે જ શહેરના એટીએમ કેન્દ્રો પર નાણાંખૂટી પડયા હતા. માર્ચ એન્ડીંગમાં વાર્ષિક હિસાબોમાં કાર્યરત બેંકર્સ દ્વારા એટીએમ મશીનોમાં ‘કેશ’ની વ્યવસ્થા કરવા અંગે ઉપેક્ષા આ બાબતે જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે.

● ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાંથી બે દિવસ પહેલા તાત્કાલિક સારવાર વિભાગની નજીક પાર્ક કરાયેલ એક બાઈક ગુમ થઈ જવા પામ્યું હતું. બાઈકના માલિકે ઘણી શોધખોળ કરી પરંતુ બાઈક ના મળતા અંતે સોમવારે પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી જેના પગલે પોલીસે તપાસ હાથ ધરી છે.

● ચૈત્રી નવરાત્રિ નિમિત્તે શહેરમાં અનેક ઠેકાણે આનંદના ગરબાનું તેમજ રામનવમીના દિવસે સુંદરકાંડના પાઠના આયોજન પણ મોટી સંખ્યામાં કરવામાં આવ્યા છે.

# ગાંધીનગર વડનગરા નાગરમંડળ દ્વારા ૯મીએ પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૩

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા ૯મી અને રવિવારના રોજ લગ્નવાડી સેકટર-૭ ખાતે શ્રી હાટકેશ્વર દાદાના પાટોત્સવની ઉજવણીનું આયોજન કરેલ છે. સર્વે વડનગરા નાગર જ્ઞાતિજનોને પરીપત્ર રવાના કરેલ છે. પાટોત્સવ દરમિયાન બપોરે ૨ વાગ્યાથી લઘુરૂદ્રનું આયોજન કરેલ છે જેમાં ભાગ લેવા શ્રી કશ્યપભાઈ મહેતાનો સંપર્ક કરવા જણાવાયું છે. પાટોત્સવની મહાપ્રસાદી માટે જ્ઞાતિજનોએ પોતાના કુટુંબના સભ્યોની સંખ્યા તા. ૫-૪-૨૦૧૭ સુધીમાં સેકટરના પ્રતિનિધિઓને નોંધાવવા ખાસ જણાવાયું છે.

## જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે સ્કાઉટ ગાઈડ દ્વારા હાઈકીંગ પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૩

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગાંધીનગરની સ્કાઉટ ગાઈડની ગાઈડર બાળાઓએ હાઈકીંગની પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. શ્રી મીનળબાઈ ગાઈડ કંપની તથા શ્રી રાણી લક્ષ્મીબાઈ ગાઈડ કંપની-બે ગ્રુપની કુલ ૬૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પ્રાકૃતિક સ્થળે અપૂરતી સુવિધામાં બાળાઓએ ચૂલા પર વિવિધ વાનગીઓ બનાવી હતી, વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી હતી. જેમાં જાસૂદ દળ-પ્રથમ, ગુલાબ દળ-દ્વિતીય, કમળ દળ-તૃતીય, મોગરા દળ-ચતુર્થ અને ચંપો દળ-પાંચમા નંબરે વિજેતા બન્યા હતા. શાળાના આચાર્ય સંતોકબેન કે.ચૌધરીએ ગાઈડર બહેનોને પ્રોત્સાહિત કરતા અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરની સીતા ચારેલે જામનગર મેરેથોનમાં ત્રીજો ક્રમાંક મેળવ્યો

ગાંધીનગર, તા.૩

જામનગર ખાતે પ્રથમ વખત યોજાયેલી મેરેથોનમાં ગાંધીનગર રનર્સ ગ્રુપના સાત સભ્યો જોડાયા હતા.




પ્રથમવાર યોજાયેલી ૨૧.૦૯૭ કિમીની હાફ મેરેથોનમાં ગાંધીનગરથી પી.એસ.આય., ડી.જી.ટુંડીયા, સંજય થોરાત, સીતા ચારેલ, જગત કારાણી, હરિશ ચંદ્ર, દિલીપ શર્મા અને રમેશબાબુ ગટ્ટુએ ભાગ લઈને ફિનીશરનો મેડલ મેળવ્યો હતો.

આ મેરેથોનના બે આકર્ષણ હતા. એક તો ગાંધીગનરની સીતા ચારેલે આ હાફ મેરેથોનમાં ત્રીજો ક્રમાંક મેળવી પ્રાઈઝ અને ટ્રોફી મેળવી હતી. છેલ્લા એક કિમીમાં એનો સ્નાયુ ખેંચાઈ જતા એ દ્વિતીય ક્રમાંક મેળવવાથી વંચિત રહી હતી.

જામનગર મેરેથોનની એમ્બેસેડર તરીકે ડૉ. સુનીતા ગોડારા હતી. આ મેરેથોન રનર મહિલાએ અત્યાર સુધી ૨૨ વિવિધ મેરેથોનમાં ભાગ લઈને ૧૧૨ સ્પર્ધામાં પ્રથમ-દ્વિતીય કે તૃતીય ક્રમાંક મેળવ્યો છે. ડૉ. સુનીતાએ સૌને મેરેથોન માટેની અનેક ટીપ્સ આપી હતી.

# આવતીકાલથી પંચદેવ મંદિરે શ્રી રામ કથા જ્ઞાનયજ્ઞનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના પંચદેવ મંદિરે તા. ૬ઠ્ઠી એપ્રિલથી તા. ૧૧મી એપ્રિલ દરમિયાન શ્રી રામ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રી રામ કથા કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે યોજાશે. કથાના અંતિમ દિવસે તા.૧૧મી એપ્રિલ મંગળવારે હનુમાન જયંતિએ રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

સેકટર-૨૨ ખાતેના પંચદેવ મંદિરે છેલ્લા ૧૨ વર્ષથી દર શનિવારે નિયમિત ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે યોજાય છે. આ અવિરત સુંદરકાંડના પાઠના ૧૩માં વર્ષમાં મંગલ પ્રવેશ

**તા. ૬ થી ૧૧ એપ્રિલ દરમિયાન દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે રામ કથા યોજાશે : હનુમાન જયંતિના દિવસે સમાપન સાથે સુંદરકાંડના પાઠ યોજાશે**

નિમિત્તે પંચદેવ મંદિરના પ્રાંગણમાં શ્રી રામ કથા જ્ઞાનયજ્ઞ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રામ કથા તા. ૬ઠ્ઠી એપ્રિલથી તા. ૧૧મી એપ્રિલ દરમિયાન દરરોજ રાત્રે ૮.૩૦ કલાકથી ૧૦.૩૦ કલાક દરમિયાન યોજાશે. શ્રી રામ કથા જ્ઞાનયજ્ઞના પ્રારંભે પંચેદવ મંદિરના ધર્માચાર્ય પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી મહારાજ તથા ધમાસણા હનુમાનજી મંદિરના પૂજય વૈદેહી શરણ દંડી બાપુના હસ્તે કરાશે. આ પ્રસંગે પંચદેવ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ શેઠ અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે. આ શ્રી રામ કથા જ્ઞાનયજ્ઞનો લાભ લેવા શહેરની તમામ ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરાયો છે.

## સુંદરધામ રાંધેજા ખાતે રામનવમી મહોત્સવ

ગાંધીનગર, તા.૩

શ્રી રામ જન્મોત્સવ મહોત્સવ નિમિત્તે શ્રી ભારતીબાપુની વ્યાસ પીઠે શ્રી હનુમાનજી મંદિર ‘સુંદરધામ’ રાંધેજા ખાતે ‘સુંદરકાંડ પાઠ’નું આયોજન સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક સુધી રાખેલ છે. તો સૌ ભકતોને પધારવા સુંદરધામ પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ છે. અને રાત્રે ૮.૩૦ કલાક નાકોડા-ચાંદખેડા રેલવે સ્ટેશન પાછળ અમદાવાદ નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાશે.

# મનની શાંતિ માટે ધ્યાન કરવું જરુરી : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

## ઉર્જાનગર-૧ ખાતે બ્રહ્માકુમારીઝનો ત્રિદિવસીય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

ન્યુ ગાંધીનગર વિસ્તારના ઉર્જાનગર-૧ ખાતે બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા ‘સ્વાસ્થ્ય સમૃધ્ધિ અને ખુશીના રહસ્ય’ અંગે ત્રિ દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનું ઉદઘાટન રાજયના મહેસુલ તથા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મનની શાંતિએ જ રહસ્ય જણાવતા સમૃદ્ધિનું રહસ્ય પણ સમજાવ્યું હતું.

આ પ્રસંગે ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વધુ જણાવતા કહ્યું હતું કે આજે વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના બનાવો વધતા જાય છે જેનું કારણ પરીક્ષાનો ભય, પરિણામની ચિંતા અથના નબળા પરિણામ મુખ્ય છે. મનની શાંતિ તથા સંસ્કારના અભાવે બાળક સામાન્ય ઠપકામાં પણ પંખે લટકવાના કે કેનાલમાં પડવાના નિર્ણયો લઈ લે છે. મનની શાંતિ માટે ૧૦ મિનિટ ધ્યાન ફાળવવું જોઈએ. આ કાર્યક્રમમાં ડાયનેમિક ટ્રેનર પ્રો. ઈ.વી. ગીરીશ, બ્રહ્માકુમારીઝના ચિલોડા કેન્દ્રના સંચાલિતા બી.કે. તારાબેન તથા ઉર્જાનગરના સંચાલિકા બી.કે.રંજનબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.






## ચિરવિદાય

- સ્વ. કૈલાસબેન શંકરભાઈ સિરેસીયા, ઉ.વ. ૪૨
- સ્વ. બાલુબેન ઈશ્વરસિંહ વાઘેલા, ઉ.વ. ૬૩
- સ્વ. વિજયાબેન ત્ર્યબંકલાલ ભટ્ટ, ઉ.વ. ૧૦૦
- સ્વ. ત્રિકમભાઈ હરજીભાઈ પટેલ, ઉ.વ. ૯૮